ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# જૂના સેક્ટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનું કામ હવે શરૂ થશે

## ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ : ટુંકમાં વર્ક ઓર્ડર આપી દેવાશે

ગાંધીનગર, તા. ૧૬

શહેરના જૂના સેક્ટરોમાં આંતરિક માર્ગોને ચકાચક બનાવવા ટુંકમાં કામ શરૂ થશે. સે. ૨૦ થી ૩૦ના આંતરિક માર્ગોના નવીનીકરણ પાછળ રૂ. ૧૪ કરોડનો ખર્ચ થશે. સેક્ટરોના આંતરિક માર્ગોનું કામ હાથ ધરવા ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. ટુંકમાં જ વર્ક ઓર્ડર આપી દેવાશે.

શહેરમાં માર્ગ નવીનીકરણ અન્વયે બાકીના કામો તબક્કાવાર હાથ ધરાશે. થોડા સમય અગાઉ શહેરનું રોડ નેટવર્ક સુધારણા ૩૭ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી હતી. જેમાં 'ક' અને 'ગ' માર્ગ ઉપરાંત સે. ૨૦થી ૩૦ના આંતરિક માર્ગોનું પણ નવીનીકરણ હાથ ધરવાનું આયોજન કરવામાં આવ્યું છે. ગત ચોમાસા પૂર્વે નવવિકસિત સેક્ટરોના આંતરિક રસ્તાઓનું નવીનીકરણ કરવામાં આવ્યું હતું. જ્યારે લાંબા સમયથી જૂના સેક્ટરોના આંતરિક માર્ગોને લીસા બનાવવાની પણ પ્રબળ માંગ ઉઠવા પામી હતી. ચાર વર્ષથી વધુ લાંબા સમયગાળાના અંતે જૂના સેક્ટરોના આંતરિક માર્ગો ઉપડ-ખાબડ બનવાની સાથે ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. ગત ચોમાસામાં પણ માર્ગોનું ધોવાણ થતા સેક્ટરવાસીઓએ પારાવાર હાલાકી ભોગવવી પડે છે. જૂના સેક્ટોનું આંતરિક રોડ નેટવર્ક ચકાચક બનાવવાના ખર્ચને મંજુરી અપાયા બાદ કામ શરૂ કરવામાં પણ ખાસો વિલંબ થઈ ગયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ કામગીરીને અનુલક્ષી ટેન્ડરપ્રક્રીયા પણ પૂર્ણ કરી દેવાઈ છે. જ્યારે ટુંકમાં જ કામ પણ શરૂ કરી દેવાશે. જૂના સેક્ટરોના આંતરિક રસ્તાઓના સુધારણાનું કામ હાથ ધરવા છેલ્લા બે વર્ષથી માંગ ઉઠવા પામી હતી આખરે આગામી મહીનામાં કામ શરૂ કરી દેવાશે.

### નમુનો-૧
### (જુઓ નિયમ-૧૬)

જિલ્લા કલેક્ટરશ્રી, ગાંધીનગરની કચેરીના તા. ૩૦-૧૨-૨૦૧૩ના હુકમથી ગાંધીનગર જિલ્લા સહકારી સંઘ લી., ગાંધીનગરની સામાન્ય ચૂંટણી માટે કલમ-૧૪૫ (ખ) અન્વયે અમોને અધિકૃત કરવામાં આવેલ છે. તેથી ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓની સમિતિઓની ચૂંટણી બાબત નિયમો-૧૯૮૨ના નિયમ-૧૬થી મળેલ સત્તાની રૂએ.

હું સુધીર કે. પટેલ, ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારી, ગાંધીનગર આથી જાહેર કરૂ છું કે, ગાંધીનગર જિલ્લા સહકારી સંઘ, ગાંધીનગરના નામે ઓળખાતી સહકારી સમિતિના બોર્ડ ઓફ ડીરેક્ટર્સની ચૂંટણી થવાની છે. જેથી આ સાથેની અનુસુચિના કોલમ-૧માં નિર્દિષ્ટ કરેલ મતદાર મંડળ અથવા મતદાર મંડળો (જેનો આમાં હવે પછી 'સબંધિત મતદાર મંડળ' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)

**ચૂંટણી સબંધમાં :-**

(૧) સબંધિત મતદાર મંડળ સામે સદરહુ અનુસુચિના કોલમ-૨માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને સબંધિત મતદાર મંડળના સબંધમાં તૈયાર કરેલ કામ ચલાઉ મતદાર યાદી પ્રસિદ્ધ કરવા અંગેની છેલ્લી તારીખ અને સમય નક્કી કરે છે.

(૨) સબંધિત મતદાર મંડળ સામે સદરહુ અનુસુચિના કોલમ-૩માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને મતદાર યાદી અંગે વાંધા તથા નામ દાખલ કરવા વિગેરે માટે રજૂઆત કરવાની છેલ્લી તારીખ અને સમય નક્કી કરે છે.

(૩) સબંધિત મતદાર મંડળ સામે સદરહુ અનુસુચિના કોલમ-૪માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને સબંધિત મતદાર મંડળના સબંધમાં તૈયાર કરેલ મતદાર યાદીની આખરી પ્રસિદ્ધિ કરવા અંગેની છેલ્લી તારીખ અને સમય નક્કી કરે છે.

(૪) સબંધિત મતદાર મંડળ સામે સદરહુ અનુસુચિના કોલમ-૫માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને સબંધિત મતદાર મંડળના સબંધમાં ઉમેદવારી પત્રો મેળવવા તથા ઉમેદવારી પત્રો ભરીને પરત આપવા માટેની છેલ્લી તારીખ, સમય અને સ્થળ તરીકે નક્કી કરે છે.

(૫) સબંધિત મતદાર મંડળ સામે સદરહુ અનુસુચિના કોલમ-૬માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને સબંધિત મતદાર મંડળના સબંધમાં ઉમેદવારીપત્રો પ્રસિદ્ધ કરવા માટેની છેલ્લી તારીખ, સમય અને સ્થળ નક્કી કરે છે.

(૬) સબંધિત મતદાર મંડળ સદરહુ અનુસુચિના કોલમ-૭માં નિર્દિષ્ટ કરેલ તારીખને સબંધિત મતદાર મંડળના સબંધમાં મળેલા ઉમેદવારી પત્રોની ચકાસણી કરવા માટેની તારીખ, સમય અને સ્થળ નક્કી કરે છે.

(૭) સબંધિત મતદાર મંડળ સામે સદરહુ અનુસુચિના કોલમ-૮માં નિર્દિષ્ટ કરેલ તારીખને માન્ય ઉમેદવારીપત્રોની પ્રસિદ્ધ માટેની તારીખ તરીકે નક્કી કરે છે.

(૮) સબંધિત મતદાર મંડળ સામે સદરહુ અનુસુચિના કોલમ-૯માં નિર્દિષ્ટ કરેલ તારીખ, સમય અને સ્થળને સબંધિત મતદાર મંડળના સબંધમાં ઉમેદવારીપત્રો પાછા ખેંચી લેવા માટેની છેલ્લી તારીખ, સમય અને સ્થળ તરીકે નક્કી કરે છે.

(૯) સબંધિત મતદાર મંડળ સામે સદરહુ અનુસુચિના કોલમ-૧૦માં નિર્દિષ્ટ કરેલ તારીખને સબંધિત મતદાર મંડળ સબંધમાં હરીફ ઉમેદવારોની છેલ્લી યાદીની પ્રસિદ્ધિની તારીખ નક્કી કરે છે.

(૧૦) સબંધિત મતદાર મંડળ સામે, સદરહુ અનુસુચિના કોલમ-૧૧માં નિર્દિષ્ટ કરેલ સમયને મતદાન કરવાના સમય તરીકે નક્કી કરે છે.

(૧૧) સબંધિત મતદાર મંડળ સામે સદરહુ અનુસુચિના કોલમ-૧૨માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને કોલમ-૧૨માં નિર્દિષ્ટ કરેલ સ્થળને મત ગણતરી માટેના તારીખ, સમય અને સ્થળ તરીકે નક્કી કરે છે.

(૧૨) સબંધિત મતદાર મંડળ સામે સદરહુ અનુસુચિના કોલમ-૧૩માં નિર્દિષ્ટ કરેલ તારીખને મતદાનના પરિણામની જાહેરાતની તારીખ તરીકે નક્કી કરે છે.

**ચૂંટણી અધિકારી**
**ગાંધીનગર જિલ્લા સહકારી સંઘ,**
**અને પ્રાંત અધિકારી, ગાંધીનગર**

**બિડાણ : અનુસુચિ**

### નમૂનો-૧
### ચૂંટણીની નોટીસ

આથી નોટીસ આપવામાં આવે છે કે, ગાંધીનગર જિલ્લા સહકારી સંઘના બોર્ડ ઓફ ડીરેક્ટર્સની સામાન્ય ચૂંટણી-૨૦૧૩ના કામે નીચેની વિગતે કાર્યક્રમ બહાર પાડવામાં આવે છે.

| ક્રમ | કાર્યક્રમની વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | મતદાર મંડળનું નામ | ગાંધીનગર જિલ્લા સહકારી સંઘ |
| ૨ | કામ ચલાઉ મતદાર યાદીની પ્રસિદ્ધિ | તારીખ : ૨૭/૧/૨૦૧૪ |
| ૩ | વાંધો તથા નામ દાખલ કરવા વિગેરે માટે રજૂઆતની છેલ્લી તારીખ | તારીખ : ૧/૨/૨૦૧૪ |
| ૪ | આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરવાની તારીખ | તારીખ : ૪/૨/૨૦૧૪ |
| ૫ | ઉમેદવારીપત્રો મેળવવા તથા ઉમેદવારી પત્ર ભરીને પરત આપવા માટેની છેલ્લી તારીખ, સમય અને સ્થળ | તારીખ : ૬/૨/૨૦૧૪થી ૧૦/૨/૨૦૧૪ (રવિવારની જાહેર રજા સિવાય) સમય : ૧૧.૦૦ થી ૩.૦૦ કલાક સ્થળ : પ્રાંત કચેરી, ગાંધીનગર |
| ૬ | મળેલ ઉમેદવારી પત્રોની યાદી પ્રસિદ્ધ કરવાની તારીખ. | જે તારીખ ઉમેદવારી પત્ર મળે તે તારીખ ૧૮ કલાકે સ્થળ : પ્રાંત કચેરી, ગાંધીનગર |
| ૭ | ઉમેદવારી પત્ર ચકાસણી માટેની તારીખ, સમય અને સ્થળ | તારીખ : ૧૧/૨/૨૦૧૪ ● સમય : ૧૧.૦૦ કલાકે સ્થળ : પ્રાંત કચેરી, ગાંધીનગર |
| ૮ | માન્ય ઉમેદવારી પત્રોની યાદી પ્રસિદ્ધ કરવાની તારીખ | તારીખ : ૧૧/૨/૨૦૧૪ ● સમય : ૧૫.૦૦ કલાકે સ્થળ : પ્રાંત કચેરી, ગાંધીનગર |
| ૯ | ઉમેદવારીપત્રો પાછા ખેંચી લેવાના તારીખ, સમય અને સ્થળ | તારીખ :૧૨/૨/૨૦૧૪થી તા. ૧૩/૨/૨૦૧૪ સુધી સમય : ૧૧.૦૦ થી ૩.૦૦ કલાક સ્થળ : પ્રાંત કચેરી, ગાંધીનગર |
| ૧૦ | હરીફ ઉમેદવારોની આખરી યાદી પ્રસિદ્ધ કરવાની તારીખ | તારીખ : ૧૩/૨/૨૦૧૪ સમય : ૧૩.૦૦ કલાકે |
| ૧૧ | મતદાન જરૂરી હોય તો તેની તારીખ, સમય અને સ્થળ | તારીખ : ૨૫/૨/૨૦૧૪ સમય : ૯.૦૦ થી ૧૬.૦૦ કલાક સ્થળ : બોર્ડ રૂમ, ગાંધીનગર જિલ્લા સહકારી સંઘ પથિકાશ્રમ સામે, સિવિલ હોસ્પિટલ કંપાઉન્ડ, સેક્ટર-૧૨, ગાંધીનગર |
| ૧૨ | મતગણતરી માટેની તારીખ, સમય અને સ્થળ | તારીખ : ૨૫/૨/૨૦૧૪ સમય : ૧૭ કલાકથી મતગણતરી પૂર્ણ થયાં સુધી સ્થળ : બોર્ડ રૂમ, ગાંધીનગર જિલ્લા સહકારી સંઘ પથિકાશ્રમ સામે, સિવિલ હોસ્પિટલ કંપાઉન્ડ, સેક્ટર-૧૨, ગાંધીનગર |
| ૧૩ | મતદાનનું પરિણામ જાહેર કરવાની તારીખ | તારીખ : ૨૫/૨/૨૦૧૪ - મતગણતરી પૂર્ણ થયા બાદ |
| ૧૪ | ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરવાની તારીખ | તારીખ : ૨૫/૨/૨૦૧૪ - ચૂંટણી પરિણામ જાહેર થયેથી. |

**નં. પીઓ/એડીએમ/વશી.૫૬/૨૦૧૪**
**પ્રાંત અધિકારીની કચેરી,**
**બીજો માળ, જિલ્લા સેવા સદન, સેક્ટર-૧૧, ગાંધીનગર.**
**તારીખ : ૯-૧-૨૦૧૪**

**ચૂંટણી સત્તાધિકારી**
**ગાંધીનગર જિલ્લા સહકારી સંઘ**
**અને પ્રાંત અધિકારી, ગાંધીનગર**




જગદંબા પ્રાગટ્યોત્સવ - ગાંધીનગરમાં જય અંબે પરિવાર દ્વારા જગત જનની 'મા-અંબા'નો પ્રાગટ્યોત્સવ ભાવભક્તિપૂર્વક ઉજવાયો હતો. વહેલી સવારે છપ્પનભોગનો અન્નકૂટ યોજાયો હતો. ભક્તિવંદનાની સાથે સાથે નિઃશુલ્ક દંત ચિકિત્સા યજ્ઞ જેવા સામાજીક સેવાનો પ્રકલ્પ યોજાયો હતો. પોષ સુદ પુનમના પાવન પર્વે સમગ્ર દિવસ મા-આદ્યશક્તિની ઉપાસનામાં ભાવિકો વિતાવ્યો હતો. (તસવીર : દિપક જાની)

# 'સુવર્ણ ગાંધીનગર ઉત્સવ' અન્વયે ૨૬ જાન્યુઆરીએ નગર પ્રદક્ષિણા

## ૫૦મા સ્થાપના દિનને અનુલક્ષી નગર પ્રદક્ષિણાથી ઉજવણીનો પ્રારંભ : કલ્ચરલ ફોરમ સહીત તમામ સંસ્થાઓ સુવર્ણ જયંતિની વિશિષ્ટ ઉજવણી કરશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરની સુવર્ણ જયંતિની ઉજવણીના પ્રારંભે કલ્ચરલ ફોરમ દ્વારા આગામી તા. ૨૬ જાન્યુઆરીના રોજ નગર પ્રદક્ષિણાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રજાસત્તાક દિવસના રોજ ઈન્ફોસિટી કલબ રિસોર્ટથી સવારે ૫.૩૦ કલાકે પ્રદક્ષિણાનો પ્રારંભ થશે. ત્યારબાદ પ્રદક્ષિણા યાત્રા 'જ' અને 'ક' માર્ગ પર થઈ નિયત રૂટમાં આગળ વધશે. ૨૧ કિ.મી. આ પગપાળા રૂટમાં વિવિધ ચાર જગ્યાએ પદયાત્રીઓને એનર્જી ડ્રીન્ક અપાશે. પ્રદક્ષિણા યાત્રામાં એમ્બ્યુલન્સવાન પણ સાથે રહેશે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે આગામી તા. ૨ ઓગષ્ટ વર્ષ ૨૦૧૪ના રોજ ગાંધીનગર શહેરની સ્થાપનાને ૪૯ વર્ષ પૂર્ણ થશે, જ્યારે ૫૦મા વર્ષમાં પ્રવેશ નિમિત્તે સંસ્થા દ્વારા 'સુવર્ણ ગાંધીનગર-ઉત્સવ'ની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. સુવર્ણ જયંતિ અન્વયે જાન્યુઆરી-૨૦૧૬ સુધી વૈવિધ્યસભર અને હૃદયસ્પર્શી કાર્યક્રમો યોજવામાં આવશે. જ્યારે સુવર્ણ ગાંધીનગર ઉત્સવની ઉજવણીના પ્રારંભે પ્રજાસત્તાક દિવસે નગર પ્રદક્ષિણા યોજાશે. જેમાં ૨૬મી જાન્યુઆરીએ સવારે ૫.૩૦ કલાકે ઈન્ફોસિટી કલબ રિસોર્ટથી નગર પ્રદક્ષિણાનો પ્રારંભ થશે. ૨૧ કિ.મી.ની આ પ્રદક્ષિણા યાત્રા પ્રારંભ સ્થળેથી આગળ વધી 'જ' માર્ગ, સે. ૩૦ સર્કલથી ક-૭ પહોંચશે. ત્યારબાદ સે. ૨૫ જી.આઈ.ડી.સી. માર્ગ પર થઈ ક-૫ સર્કલ પાસેથી મહાત્મા મંદિર નજીકથી ખ-૩ સર્કલ થઈને સવારે ૧૦ કલાકે રિસોર્ટ ખાતે પદક્ષિણા સંપન્ન થશે. પ્રદક્ષિણાયાત્રામાં ૫ હજારથી વધુ નાગરિકો જોડાશે. જ્યારે પ્રદક્ષિણાના માર્ગમાં વિશ્રામસ્થાનો પર એનર્જી ડ્રીક અને પાણીની વ્યવસ્થા પુરી પાડવામાં આવશે.

સંસ્થાના અગ્રણી ડૉ. રાજેશ શાહે જણાવ્યું હતું કે, જ્યારે આકસ્મિક જરૂરીયાતના સંજોગોને ધ્યાને લઈ રૂટમાં એમ્બ્યુલન્સવાન પણ સાથે રાખવામાં આવશે. પ્રદક્ષિણામાં જોડાનારા સર્વેને સંસ્થા

● અનુસંધાન પાન-૭ પર




# સંસ્કૃતિકુંજમાં ૨૭મીથી વસંતોત્સવ ઉજવાશે

## વિવિધ રાજયોમાંથી ૧૮૬ કલાકારો લોકનૃત્યો રજૂ કરશે : બેમિસાલ નૃત્યકલાનો અદભૂત સંગમ રચાશે

ગાંધીનગર, તા.૧૬

આગામી તા. ૨૭ જાન્યુઆરીથી સંસ્કૃતિ કુંજ ખાતે ૧૦ દિવસીય વસંતોત્સવનો પ્રારંભ થશે. વસંતઋતુના આગમનના વધામણા કરવા માટે



યોજાનારા વસંતોત્સવમાં બેમિસાલ નૃત્યકલાનો અદભૂત સંગમ રચાશે. ગુજરાત, કર્ણાટક અને રાજસ્થાન સહીતના રાજયોમાંથી ૧૮૬ જેટલા કલાકારો વૈવિધ્યસભર નૃત્યો રજૂ કરશે.

વસંતોત્સવ કાર્યક્રમ સ્ફૂર્તિ તાજગી અને વિવિધ પ્રદેશોના લોક પરંપરાઓથી શોભતા ભાતીગળ નૃત્યોનો શાનદાર મહોત્સવ બની રહે છે. વેસ્ટર્ન કલ્ચર સેન્ટર, ઉદેપુર અને રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના ઉપક્રમે અને કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીના આયોજન હેઠળ ઉજવાતો 'વસંતોત્સવ' વિવિધ ઉત્સવોમાં શિરમોર હોવાનું મનાય છે.

આ વસંતોત્સવ કાર્યક્રમમાં ગુજરાત, કર્ણાટક, મણીપુર, મધ્યપ્રદેશ, ઉ.પ્ર., રાજસ્થાન, ગોવા, આસામ, ઓરિસ્સા, બંગાળ અને પંજાબ રાજયના મળી ૧૮૬ જેટલા કલાકારો રોજે રોજ વિધ વિધ વિશ્વ પ્રસિધ્ધ લોકનૃત્યોનું મંચન કરાવશે. ગુજરાતના ગરબા હોય કે રાજસ્થાનનું કાલબેલિયા નૃત્ય, ઓરિસ્સાનું ગોટીપુઆ નૃત્ય હોય કે પંજાબનું ભાંગડા

● અનુસંધાન પાન-૭ પર

**પંચાયતી રાજ મંત્રાલય**
ભારત સરકાર
www.panchayat.gov.in

Panchayati Raj

## ખાસ ગ્રામસભા બેઠક
### જાન્યુઆરી / ફેબ્રુઆરી ૨૦૧૪માં

- બધી જ ગ્રામ પંચાયતોને જાન્યુઆરી / ફેબ્રુઆરી ૨૦૧૪ના કોઈપણ દિવસે આર્થિક કલ્યાણ માટેના જુદા જુદા કાર્યક્રમો માટે ખાસ ગ્રામસભા બેઠકનું આયોજન કરવા અનુરોધ કરવામાં આવે છે.
- આ બેઠકોમાં ખેતી, બાગાયત, ડેરી, મત્સ્યોદ્યોગ, નેશનલ રૂરલ લાઈવલીહુડ મિશન (NRLM), મહાત્મા ગાંધી નેશનલ રૂરલ એમ્પ્લોયમેન્ટ ગેરંટી સ્કીમ (MGNREGS), બેકવર્ડ રીજીયન ગ્રાન્ટ ફંડ (BRGF), વોટર શેડ, જમીન સંરક્ષણ, સિંચાઈ, વિદ્યુતિકરણ, હસ્તકલા, હસ્ત ઉદ્યોગ, ફૂડ પ્રોસેસીંગ, નાના અને સૂક્ષ્મ ઉદ્યોગોના પ્રતિનિધિઓ / અધિકારીઓએ અચૂક ઉપસ્થિ રહેવું.
- જિલ્લા અને જૂળ લેવલના અધિકારીઓએ આ બેઠકની તારીખ બાબતેનું સંકલન કરવાનું રહેશે. જેથી કરીને ઉપરોક્ત સંસ્થાઓ ગ્રામ સભાની બેઠકમાં ભાગ લઈ શકે. ઉપરોક્ત વિભાગોના ઈનચાર્જ અધિકારીઓએ આ બેઠકોમાં ભાગ લેવો જોઈએ કારણ કે તેનાથી તેમની યોજનાઓના વિકાસમાં સહાય મળે છે અને તેમને પારદર્શક બનાવે છે. જેનાથી આ કાર્યક્રમો વધુ અસરકારક બને છે.
- ગ્રામ પંચાયતોને આ બેઠક સંબંધે જુથ / જિલ્લા વહીવટી તંત્રને જાણ કરવા તથા અસહકારના કિસ્સામાં જાણ કરવા અનુરોધ કરવામાં આવે છે.

સક્રિય ગ્રામસભા - લોકોના સશક્તિકરણ અને જવાબદાર પંચાયત માટે

## ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશ્નર શ્રી લલિત પાડલિયાની બદલી થતાં તેમની જગ્યાનો ચાર્જ જિલ્લા કલેક્ટરશ્રી ડૉ. પી. સ્વરૂપને આપવામાં આવ્યો છે.
- મતદારયાદી માટે નિરીક્ષક તરીકે નિમાયેલા શ્રી ટી. નટરાજને આજે કલેક્ટર ઓફિસ ખાતે સમીક્ષા બેઠક યોજી હતી.
- ગાંધીનગર જિલ્લાના ૧૫ જેટલા કોંગ્રેસી આગેવાનો એ.આઈ.સી.સી.ની બેઠકમાં હાજરી આપવા દિલ્હી પ્રમુખ શ્રી જશુભા રાણાના નેતૃત્વમાં જઈ રહ્યા છે.
- ધારાસભ્યશ્રી અશોક પટેલ ભાજપની રાષ્ટ્રીય પરિષદમાં હાજરી આપવા દિલ્હી જઈ રહ્યા છે.
- ગુડાના ચેરમેન શ્રી અશોક ભાવસારની લોકસભા માટે પ્રદેશ કક્ષાએ રચાયેલ સાહિત્ય નિર્માણ સમિતિમાં નિમણુંક કરાઈ છે.
- મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા સામે પક્ષાંતર ધારા ભંગને લઈ કરાયેલ કેસની આજે વડી અદાલતમાં મુદત છે.




**ટચુકડી જાહેર ખબર**
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 *માલિક - પ્રકાશક - મુદ્રક :* પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. *તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧* E-mail : gandhinagarsamachar@yahoo.com